

ગુડફ્રાઈડે નિમિત્તે જમાલપુર રાયખડ ચર્ચથી યાત્રા નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

### રાજ્યમાં ગરમી વધવાની આગાહી વચ્ચે વાતાવરણમાં પલટો

# રાજકોટ, અરવલ્લી અને મહિસાગરમાં વરસાદી ઝાપટા

## ૧૨ થી ૧૬ એપ્રિલ સુધી ગરમીનો પારો ૪૨ થી ૪૪ ડિગ્રી સુધી નોંધાવવાની સંભાવના

અમદાવાદ, તા.૭

રાજ્યમાં ગરમી વધવાની આગાહી વચ્ચે વાતાવરણમાં પલટો આવ્યો છે. રાજકોટ, અરવલ્લી અને મહિસાગરમાં વહેલી સવારે વરસાદી ઝાપટા પડ્યા હતા. જ્યારે અમદાવાદમાં પણ સવારથી વાદળછાયું વાતાવરણ છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, 'આગામી પાંચ દિવસમાં તાપમાન ૨ – ૩ ડિગ્રી જેટલું વધતાં ગરમીનો અનુભવ થશે. હવામાન અંગે આગાહી કરતી ખાનગી સંસ્થાના મતે અમદાવાદમાં આગામી સપ્તાહથી ગરમીનો પારો ૪૩ ડિગ્રીએ પહોંચી શકે છે. આગામી ૧૨ થી ૧૬ એપ્રિલ સુધી ગરમીનો પારો ૪૨ થી ૪૪ ડિગ્રી સુધી નોંધાવવાની સંભાવના છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ જે માર્ચના અંતમાં સક્રિય બન્યું હતું તે હવે નબળું પડી ગયું છે. જેના કારણે ઘણા દિવસોથી યુક્તિઓ રમી રહેલા હવામાનમાં પલટો આવવાનો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઉત્તર ભારતમાં આગામી ૫ દિવસ સુધી હવામાન સામાન્ય રહેવાનું છે. જો કે, મહારાષ્ટ્ર, દક્ષિણ ભારત અને પૂર્વોત્તરના ભાગોમાં વરસાદ પડી શકે છે. હવામાન વિભાગની આગાહી મુજબ, ૭ એપ્રિલે મહારાષ્ટ્ર, વિદર્ભ, તેલંગાણા અને ઓડિશાના કેટલાક ભાગોમાં વરસાદ પડી શકે છે. આ સાથે ઓડિશા અને છત્તીસગઢમાં કરા પડવાની સંભાવના છે. આ સિવાય આગામી ૫ દિવસ સુધી ભારે વરસાદની કોઈ શક્યતા નથી. ઉત્તર ભારતના મોટાભાગના વિસ્તારોમાં સ્વચ્છ હવામાનને કારણે ફરી એકવાર ઉનાળાએ પોતાનો રંગ બતાવવાનું શરૂ કર્યું છે. ગુરુવારે રાજધાની દિલ્હીમાં પારો ૩૩.૫



ડિગ્રીને સ્પર્શ્યો હતો, જેના કારણે લોકોએ બપોરે ગરમીનો અનુભવ કર્યો હતો. જો કે, તે સામાન્ય કરતાં ઓછું રહ્યું. તે જ સમયે, લઘુત્તમ તાપમાન ૧૭.૨ ડિગ્રી નોંધાયું હતું. શુક્રવારે રાજધાનીમાં વાદળો રહેશે પરંતુ આગામી બે દિવસ સુધી વરસાદની કોઈ આગાહી નથી. ૯મી અને ૧૧મી એપ્રિલે હળવા ઝરમર ઝરમર વરસાદ પડશે, જેના કારણે ગરમીમાંથી થોડી રાહત મળી શકે છે. હાલમાં, ઉત્તર પશ્ચિમ ભારતના ઘણા ભાગો, ઉત્તરપૂર્વ ભારતના ભાગો, ગુજરાત અને મધ્ય પ્રદેશમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ૨-૪ °C ઓછું છે અને દેશના બાકીના ભાગોમાં લગભગ સામાન્ય છે.

# આગામી ૪ દિવસ માવઠું નહીં થવાની આગાહી વ્યક્ત કરાઈ

## ખેડૂતો માટે રાહતની ખબર : હવામાન વિભાગ દ્વારા આજથી ૧૦મી એપ્રિલ સુધી રાજ્યનું હવામાન સૂકું રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે

અમદાવાદ, તા.૭

રાજયના ખેડૂતો માટે મહત્વના સમાચાર આવ્યા છે. હવામાન વિભાગ દ્વારા વરસાદની અગાઉ આગાહી કરવામાં આવી હતી, પરંતુ હવે વરસાદ નહીં થવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. આગામી ૪ દિવસ માટે વરસાદની કોઈ આગાહી કરવામાં આવી નથી. આ સાથે ગરમીનું પ્રમાણ વધવાની શક્યતાઓ પણ હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. માર્ચ મહિના બાદ એપ્રિલની શરુઆતમાં વરસાદ થતાં ખેડૂતો ભારે ચિંતિત હતા. અગાઉ હવામાન વિભાગ દ્વારા ૭ તારીખે બનાસકાંઠા, મહેસાણા અને સાબરકાંઠામાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી હતી. જોકે, નવી આગાહીમાં આ જગ્યાઓ પર આજની તારીખે વરસાદની શક્યતાઓ નહીં હોવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. આ સિવાય આજના દિવસે સૌરાષ્ટ્ર-કચ્છના રાજકોટ, પોરબંદર અને કચ્છમાં પણ હળવો વરસાદ કે થંડરશાવર થઈ શકે તેવી શક્યતા હતી પરંતુ ખેડૂતો માટે રાહતના સમાચાર આવ્યા છે. હવામાન વિભાગ દ્વારા આજથી ૧૦મી એપ્રિલ સુધી રાજ્યનું હવામાન સૂકું રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગ સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના તમામ ભાગોમાં હવામાન સૂકું રહેવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. એટલે કે રાજસ્થાન પાસે બનેલા સર્ક્યુલેશનની અસર ગુજરાત પર નહીં થવાની શક્યતાઓ છે. આગામી દિવસો દરમિયાન માવઠાની આગાહી નથી પરંતુ ગરમીનું પ્રમાણ વધવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. માર્ચ અડધો થવા આવ્યો તેમ છતાં તાપમાન સામાન્ય કરતા નીચું નોંધાઈ રહ્યું છે, પરંતુ હવે આગામી દિવસોમાં ગરમી વધવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં ગરમીનું પ્રમાણ ૨-૩ ડિગ્રી વધવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. હાલ રાજ્યના મોટાભાગમાં ૩૫-૩૮ની વચ્ચે તાપમાન નોંધાઈ રહ્યું છે જે આગામી દિવસોમાં ૪૦ પર પહોંચી શકે છે.

# નિર્માણધીન પાણીની ટાંકીનો સ્લેબ તૂટતાં છ શ્રમિકને ઈજા

દાહોદ, તા.૭

દાહોદના આમલી ખજુરીયામાં એક નિર્માણધીન પાણીની ટાંકીનો સ્લેબ તૂટ્યો હતો. આ ટાંકીનો સ્લેબ તુટતા કામ કરી રહેલા શ્રમિકોમાંથી ૬ શ્રમિકો ઈજાગ્રસ્ત થયા હતા. આ શ્રમિકોને તાત્કાલિક ધોરણે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ ઘટનાની વધુ વિગત મુજબ દાહોદના આમલી ખજૂરીયામાં નલ સે જલ યોજના અંતર્ગત એક નિર્માણધીન ટાંકીનો સ્લેબ તુટ્યો હતો. આ ઘટના સવારે બની હતી જ્યારે નિયમીત રીતે શ્રમિકો કામ કરી રહ્યા હતા તે દરમિયાન જ અચાનક સ્લેબ તુટી ગયો હતો જેથી ૬ જેટલા શ્રમિકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ ઘાયલ શ્રમિકોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ ઘટનાની જાણ તંત્રને થતા ઘટનાસ્થળે પહોંચ્યુ હતું. હાલ આ ઘટના અંગે તપાસ કરવામાં આવી રહી છે.

### રાજ્યના ખેડૂતોને રાહત આપતો નિર્ણય

# ખેડૂતોને વધારાના વીજ લોડ પર દંડ નહીં ભરવો પડે

## સ્થળ પર જ પૈસા ભરીને વીજ લોડ પણ વધારી શકાશે

ગાંધીનગર, તા.૭

રાજ્ય સરકારે ખેડૂતોને વધારાના વીજ લોડના દંડમાંથી મુક્તિ આપવાનો નિર્ણય લીધો છે. ખેતી માટે વીજ કનેક્શન ધરાવતા ખેડૂતોએ હવે વધારાના વીજ લોડ પર દંડ નહીં ભરવો પડે. હવે સ્થળ પર જ પૈસા ભરીને વીજ લોડ પણ વધારી શકાશે.ગુજરાત સરકાર સમક્ષ કિસાન સંઘ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. જેને પગલે સરકારે આ નિર્ણય લીધો છે અને રાજ્યના અનેક ખેડૂતોને ખેતી માટે મોટી રાહત મળી છે.

લોડ વધારાની અરજી બાદ ખેડૂતોને માત્ર ડિપોઝીટ ચુકવવાની રહેશે. ખેડૂતોને સ્થળ પર પૈસા ભરી લોડ વધારી અપાશે. અને લોડ વધારવા બાબતનો ચાર્જ વીજ કંપની ભોગવશે. બીજી તરફ સરકારે સ્વૈચ્છિક જાહેર યોજનાની સમય મર્યાદા વધારવામાં આવી છે. આ યોજનાની મુદત ૩૧ મે ૨૦૨૩ સુધી લંબાવાઈ છે. કિસાન સંઘની રજૂઆત પર સરકારે આ નિર્ણય લીધો છે.

# USA જવા નીકળેલો પલિયડનો પ્રિત પટેલ તુર્કીમાં પકડાઈ ગયો

## ગુજરાતના એજન્ટોનું સેટિંગ બગડ્યું? : પ્રીત ફેક વિઝા પર તુર્કી ગયો હોવાથી તેને ત્યાં એન્ટ્રી જ નહોતી અપાઈ, અને એજન્ટ કોઈ બીજી વ્યવસ્થા કરે તે પહેલા તો તે પકડાઈ ગયો હતો

અમદાવાદ, તા.૭

ગુજરાતીઓ જે ડોક્યુમેન્ટ્સ અને વિઝા પર તુર્કી જાય છે તે પણ મોટાભાગે ફેક જ હોય છે. ગત અઠવાડિયે ગાંધીનગરના એક યુવકને ઈસ્તાંબુલથી દિલ્હી ડિપોર્ટ કરવામાં આવ્યો હતો. આ યુવક પાસે જે વિઝા હતા તે ફેક હોવાનું ઈસ્તાંબુલ એરપોર્ટ પર તૈનાત સિક્યોરિટી સ્ટાફે પકડી લીધું હતું. સૂત્રોનું માનીએ તો પલિયડ ગામનો પ્રિત પટેલ નામનો આ યુવક ઈસ્તાંબુલ એરપોર્ટ પર એજન્ટના માણસને નહોતો મળી શક્યો, આ માણસ દ્વારા જ તેને મેક્સિકો મોકલવાનો હતો, પરંતુ તે પહેલા જ તે તુર્કી એરપોર્ટ પર તૈનાત સિક્યોરિટીના હાથમાં આવી જતાં તેને ત્યાંથી જ તાત્કાલિક ડિપોર્ટ કરી દેવામાં આવ્યો હતો.

દિલ્હી પોલીસે પણ આ અંગે પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે પ્રિત પટેલ નામના યુવકને તુર્કીથી ડિપોર્ટ કરાયો હતો, અને તે જે ફ્લાઈટમાં દિલ્હી આવ્યો હતો તે લેન્ડ થઈ તે સાથે જ તેને ઈમિગ્રેશનના અધિકારીઓને સોંપી દેવાયો હતો. પ્રીત ફેક વિઝા પર તુર્કી ગયો હોવાથી તેને ત્યાં એન્ટ્રી જ નહોતી અપાઈ, અને એજન્ટ કોઈ બીજી વ્યવસ્થા કરે તે પહેલા તો તે પકડાઈ ગયો હતો. પ્રીતને જે પાસપોર્ટ અપાયો હતો તેના પર કલોલના એક એજન્ટે તુર્કીના ફેક વિઝા સ્ટેમ્પ લગાવી આપ્યા હતા. એજન્ટના પ્લાન અનુસાર, પ્રીત ઈસ્તાંબુલ એરપોર્ટ લેન્ડ થાય ત્યારે ત્યાંથી એજન્ટનો એક માણસ તેને લેવા આવવાનો હતો, અને તેને એરપોર્ટની બાહર કાઢીને આગળની વ્યવસ્થા પણ કરવાનો હતો. જોકે, પ્રીતનું કામ જેણે હાથમાં લીધું હતું તે ગાંધીનગરનો એજન્ટ આ વ્યવસ્થા નહોતો કરી શક્યો અને તે દરમિયાન પ્રીત પકડાઈ ગયો હતો. દિલ્હી પોલીસે પ્રીત સામે ઠગાઈ તેમજ બનાવટી દસ્તાવેજ ઉભા કરવાના ગુના હેઠળ ફરિયાદ નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. ગુજરાત પોલીસના સૂત્રોનું માનીએ તો ગુજરાતના એજન્ટોએ તુર્કીમાં પોતાના ક્લાયન્ટ્સને રહેવા-જમવા માટે વ્યવસ્થા ઉભી કરી છે. જોકે, ફેબ્રુઆરીમાં આવેલા ભૂકંપમાં એજન્ટોના આવા અનેક ટ્રાન્ઝિટ હોમ તૂટી પડ્યા હોવાથી તેમની ગણતરી ખોરવાઈ ગઈ છે. આ ગાળા દરમિયાન ઘણા ગુજરાતી તુર્કીમાં ફસાયા છે, જ્યારે અમુક અમેરિકા પહોંચવામાં સફળ પણ રહ્યા છે.

અગાઉ પણ એવા અહેવાલ આવ્યા હતા કે તુર્કીમાં એજન્ટોના સેટિંગ ખોરવાતા તેમણે રૂટ બદલ્યો છે.

## રાજ્યમાં કોરોનાના નવા ૩૨૮ કેસ

અમદાવાદ,તા.૭

ગુજરાતમાં કોરોનાના નવા કેસો વધી રહ્યા છે. જેમાં ૦૭ એપ્રિલના રોજ કોરોનાના નવા ૩૨૮ કેસ નોંધાયા છે.અમદાવાદમાં ૯૩, સુરતમાં ૩૧, મહેસાણામાં ૨૬, વડોદરામાં ૨૫, મોરબીમાં ૨૩, વડોદરા જિલ્લામાં ૧૮, ગાંધીનગરમાં ૧૬, સાબરકાંઠામાં ૧૨, વલસાડમાં ૧૧,સુરત જિલ્લામાં ૧૦, અમરેલીમાં ૦૭, નવસારીમાં ૦૭, ગાંધીનગરમાં ૦૬, રાજકોટ જિલ્લામાં ૦૬, આણંદમાં ૦૫, ભરૂચમાં ૦૫, રાજકોટમાં ૦૫, ભાવનગરમાં ૦૪, પાટણમાં ૦૪, અમદાવાદ જિલ્લામાં ૦૩, કચ્છમાં ૦૩, પંચમહાલમાં ૦૨, પોરબંદરમાં ૦૨, સુરેન્દ્રનગરમાં ૦૨, બનાસકાંઠામાં ૦૧ અને ગીર સોમનાથમાં ૦૧ કેસ નોંધાયો છે. જ્યારે કોરોનાના એક્ટિવ કેસ ૨૧૫૫ થયા છે. જ્યારે કોરોનાના એક્ટિવ કેસ ૨૧૫૫ કોરોના રિકવરી રેટ ૯૮.૯૭ ટકા થયો છે.

# નકલી PMO ઓફિસર કિરણ પટેલ ગુજરાત પોલીસને સોંપાયો

## સપ્તાહમાં રિપોર્ટ માંગવામાં આવ્યો : કિરણ પટેલની પોલીસે ગયા મહિને જમ્મુ-કાશ્મીરની એક ફાઈવ સ્ટાર હોટલમાંથી ધરપકડ કરી હતી

નવી દિલ્હી, તા.૭

પોતાને પીએમઓના ટોચના અધિકારી ગણાવતા કિરણ પટેલની કસ્ટડી જમ્મુ અને કાશ્મીરના સત્તાવાળાઓએ શ્રીનગરના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની સૂચના બાદ ગુજરાત પોલીસને સોંપી દીધી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાંથી કેસ નોંધ્યા બાદ ગુનાહિત કિરણ પટેલને કસ્ટડીમાં લેવા ગુજરાત પોલીસની એક ટીમ મંગળવારે (૪ એપ્રિલ) કાશ્મીર પહોંચી હતી. એક અધિકારીએ જણાવ્યું હતું કે, ઝલ્લર શ્રીનગરે ગુરુવારે (૬ એપ્રિલ) તેને ગુજરાતમાં ટ્રાન્સફર કરવાનો આદેશ આપ્યો હતો, ત્યારબાદ જેલ સત્તાવાળાઓએ કિરણ પટેલની કસ્ટડી ગુજરાત પોલીસ ટીમને સોંપી હતી. કિરણ ગુજરાત પોલીસની ટીમ સાથે તેના વતન જઈ રહ્યો છે. અગાઉ, જમ્મુ અને કાશ્મીરના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) દિલબાગ સિંહે કહ્યું હતું કે પટેલની કસ્ટડીના મામલે જમ્મુ અને કાશ્મીર પોલીસ ગુજરાત પોલીસને સહકાર આપશે. ગુજરાત પોલીસે અગાઉ દાવો કર્યો હતો કે જો પટેલને રાજ્યના વિવિધ શહેરોમાં તેમની સામે નોંધાયેલી ફરિયાદોને કારણે ત્નશ્દ્ધ પોલીસમાંથી મુક્ત કરવામાં આવશે તો તેઓ તેમની ધરપકડ કરશે. મળતી માહિતી મુજબ, પટેલ વિરુદ્ધ ગુજરાતમાં પહેલાથી જ ત્રણ કેસ નોંધાયેલા છે. જમ્મુ અને કાશ્મીર પોલીસે નિશાત પોલીસ સ્ટેશનમાં પટેલ વિરુદ્ધ ૨૦૨૩ની ફ્રૈંઈ નંબર ૧૯ નોંધી છે. પટેલ પર ગુનાહિત ઈરાદા, પોલીસ સ્ટેશન અને કાશ્મીરના અન્ય ભાગોના અધિકારક્ષેત્ર હેઠળની પ્રવૃત્તિઓમાં સામેલ થવા અને ઉચ્ચ સ્તરીય બનાવટી સાધનોનો ઉપયોગ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત, જમ્મુ અને કાશ્મીર સરકારે ૨૯ માર્ચે કિરણ પટેલની પાછલા મહિનાઓમાં કાશ્મીરની મુલાકાતો અને તેમની મુલાકાત દરમિયાન કરવામાં આવેલી સુરક્ષા વ્યવસ્થા સાથે સંબંધિત વિવિધ પાસાઓની તપાસનો આદેશ આપ્યો હતો. સરકારના આદેશ મુજબ કાશ્મીરના ડિવિઝનલ કમિશનર વિજય કુમાર બિધુરીને આ મામલાની તપાસ માટે તપાસ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમજ એક સપ્તાહમાં રિપોર્ટ માંગવામાં આવ્યો છે.

### કહેર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેસો વધુ મળી રહ્યા છે તેથી આ બે તાલુકામાં સર્વેલન્સ અને ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના વધુ ૬ કેસ મળી આવ્યા છે. જેમાં ત્રણ મહિલા દર્દીનો સમાવેશ થાય છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી આજે વધુ કેસ મળી આવ્યા છે. શહેરમાં મહિલા દર્દીઓની વધતી સંખ્યાએ તંત્રની ચિંતા વધારી છે. શહેરમાં આજે નોંધાયેલા ૬ કેસમાં એક પણ દર્દી ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતુ જણાયેલ નથી. તંત્રએ આ દર્દીઓ કેવી રીતે સંક્રમિત થયા તેની તપાસ હાથ ધરી છે એટલુ જ નહિ દર્દીઓના સંપર્કમાં આવેલ લોકોને હોમ આઈસોલેટ પણ કરવાની કામગીરી હાથ ધરી છે. શહેરમાં આજે સે. ૩-એ-ન્યુ તેમજ સે. ૪ માંથી એક-એક કેસ ઉપરાંત શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર સરગાસણમાંથી બે કેસ તેમજ કુડાસણ અને રાંધેજામાંથી એક-એક કેસ મળી આવેલ છે.

સે. ૩-એ-ન્યુમાંથી ૩૦ વર્ષીય યુવાન તેમજ સે. ૪ માંથી ૩૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સરગાસણ ગામેથી ૫૬ વર્ષીય પુરૂષ તેમજ ૨૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાંધેજામાંથી ૨૪ વર્ષીય મહિલાનો તેમજ કુડાસણમાંથી ૫૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. શહેરમાં હાલ ૪૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં આજે ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં અગાઉની લ્હેરમાં સંવેદનશીલ બનેલ વિસ્તારમાંથી કેસો મળતાં તંત્રની ચિંતા વધી છે. તંત્રએ સઘન સર્વેલન્સ તેમજ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક કરવા સૂચનાઓ આપી છે.

### ઉકરડાના ઢગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માર્ગ આસપાસ પણ સુકા પાંદડાનો ઢગ ખડકાયો છે. પરંતુ સફાઈ થતી નથી જયારે સફાઈ કામદારો સ્થળ પર કચરો એકત્રિત કરીને જતા રહે છે પરંતુ કચરો ઉપાડવાની વ્યવસ્થાના નામે મીંડુ છે જેના લીધે સેકટરોમાં ઠેર ઠેર ઉકરડા જોવા મળી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી ચોમાસા જેવો માહોલ છે જેના લીધે સેકટરોમાં આમ પણ ગંદકીનુ પ્રમાણ વધ્યુ છે. સેકટરોમાં ભર ઉનાળે વરસાદી સમસ્યાઓ ઉદભવી છે. જયારે ગંદકી અને કમોસમી વરસાદના લીધે સેકટરોના રહેણાંક વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. જેના લીધે રહીશોમાં રોગચાળાનો ખતરો મંડરાયો છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં યોગ્ય સફાઈ વ્યવસ્થા ગોઠવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. જયારે કચરો એકત્રિત કરવાની વ્યવસ્થા પણ નિયમિત કરવાનુ અનિવાર્ય છે. આ ઉપરાંત સેકટરોના રીંગ રોડ તેમજ એપ્રોચ રસ્તાઓ અને કોમન પ્લોટમાં ખડકાયેલા કચરાના ઢગનો સમયસર નિકાલ થાય તે મુજબનુ આયોજન કરવા માટે પણ સેકટરવાસીઓએ રજુઆત કરી છે.

### સોલાર પ્લાન્ટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાત વીજ કંપની તેમજ ટોરેન્ટના અધિકારીઓ સાથે બેઠક પણ કરી હતી જે નોંધનીય છે.

ગાંધીનગરને સોલાર સીટી બનાવવાનો ડ્રીમ પ્રોજેક્ટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શહેરના સ્થાપના દિનની ઉજવણી દરમ્યાન વ્યક્ત કર્યો હતો. ત્યારે તેઓ તત્કાલીન મુખ્યમંત્રી હતા આ પછી સોલાર રૂફટોપની પોલીસી પણ બનાવાવમાં આવી હતી અને તેને ગાંધીનગરમાં સારો પ્રતિસાદ સાંપડ્યો છે.

### ગમે ત્યારે સર્વે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધરી દેવામાં આવ્યાનું સૂત્રોએ સ્વીકાર્યુ છે. જેમાં કયા કયા પરિબળોને ધ્યાનમાં લેવામાં આવશે તેમજ હાલની બજાર કિંમત સહિતના પરિબળો જોવાશે. જિલ્લામાં જંત્રીના સર્વે માટે ગ્રામ્ય વિસ્તારની હદ અને નકશાઓ મેળવવાની કામગીરી પણ તેના અંતિમ તબક્કામાં છે. જે રીતે હાલ તૈયારીઓ ચાલી રહી છે તે જોતાં ૧૫ એપ્રિલ પછી ગમે ત્યારે સર્વેની કામગીરી શરૂ કરવામાં આવે તેવી સંભાવનાઓ છે.

સર્વે માટે તંત્રમાં પણ બેઠકોનો ધમધમાટ વધવા પામ્યો છે. રાજ્ય સરકારે આમ તો જંત્રીના દર બમણા કરવાની જાહેરાત પછી ૧૫ એપ્રિલ સુધી તેનો અમલ મોકુફ રાખ્યો છે જો કે સર્વેની કામગીરી ચાલુ રહેશે તેવી જાહેરાત કરી હતી જે ઉલ્લેખનીય છે.

### આભ નિખર્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વચ્ચે આંધી સાથે વરસાદી વાયરો પણ ફુંકાશે અલબત્ત હજુ ઉનાળાની આકરી ગરમી વચ્ચે વાતાવરણ પલ્ટો યથાવત રહેશે જયારે ગરમીનો પારો આગામી દિવસોમાં ૪૨ ડીગ્રીને પાર થઈ જશે પરંતુ બીજીતરફ વરસાદ પણ વરસશે. જયારે જુન મહીનાના બીજા સપ્તાહ બાદ ચોમાસાની શરૂઆત થશે. પરંતુ આ વર્ષે ગરમીની સિઝનની અસર વર્તાતી નથી. સામાન્ય રીતે ચૈત્ર મહીનામાં ગરમી આકાશે ચઢતી હોય છે. જેના બદલે હાલ આકાશમાં અષાઢી નઝારો સૌ માટે આશ્ચર્યનુ કારણ બન્યો છે. અડધો ઉનાળો વિતી ગયા બાદ પણ ગરમીની મોસમ જામતી નથી. વાતાવરણ પલ્ટાની વિચિત્ર અસરથી જન આરોગ્ય સામે પણ ખતરો મંડરાયો છે. વિચિત્ર મોસમની અસરથી શહેરીજનો શરદી ખાંસી અને તાવ સહીત વાયરલ ફીવરનો શિકાર બની રહ્યા છે.

### દંડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટ્રેક કરવા અને પ્રોફાઈલ તૈયાર કરવા માટે કરી શકાય છે. એવી શક્યતા પણ છે કે આ ડેટાનો ઉપયોગ હાનિકારક અથવા અયોગ્ય સામગ્રી સાથે થઈ શકે છે. બ્રિટનના આ નિર્ણય પર ટિકટોકે પણ સ્પષ્ટતા કરી છે. કંપનીનું કહેવું છે કે તે ICOના નિર્ણય સાથે અસંમત છે. કંપનીનું કહેવું છે કે ૧૩ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને પ્લેટફોર્મથી દૂર રાખવા માટે જંગી રોકાણ કરવામાં આવે છે. આ તમામ મુદ્દાઓ પર ૪૦ હજાર કર્મચારીઓની મજબૂત ટીમ ચોવીસ કલાક કામ કરે છે. જેથી પ્લેટફોર્મને સુરક્ષિત બનાવી શકાય. ટિકટોકના પ્રવક્તાએ કહ્યું કે અમે નિર્ણયની સમીક્ષા કરવાનું ચાલુ રાખીશું અને આગળના પગલાં પર વિચાર કરીશું. ગૂગલે તેની પ્લે સ્ટોર પોલિસીમાં મોટા ફેરફાર વિશે જણાવ્યું છે. કંપનીએ નવી ડેટા ડિટેક્શન પોલિસી રજૂ કરી છે, જે યુઝર્સને તેમના ઈન-એપ ડેટા પર વધુ સ્પષ્ટતા અને નિયંત્રણની મંજૂરી આપશે. એક રીતે નવી નીતિ ડેવલપર્સ માટે પણ સકારાત્મક રીતે કામ કરશે. જ્યારે ડેવલપર્સની એપની પ્રાઈવસી અને સિક્યોરિટી સરળતાથી સમજી શકાશે તો યુઝર્સને એપ પર વિશ્વાસ કરવો વધુ સરળ બનશે. Google Play Store એપને વધુ સુરક્ષિત બનાવવા અને એપ તેમના ડેટાનો ઉપયોગ કેવી રીતે કરી રહી છે તે સમજવામાં યુઝર્સને મદદ કરવા માટે ર્ઘ્નક્ની નવી નીતિ સાથે કામ કરી રહ્યું છે

# અમદાવાદમાં કરોડો ખર્ચે બનેલા સાઈકલ ટ્રેક આખરે ૧૨ વર્ષે તોડાશે

અમદાવાદ,તા.૭

૧૨ વર્ષ પહેલાં અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સાઈકલ ટ્રેક બનાવાવનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ નિર્ણય અંતર્ગત શહેરમાં સાઈકલ ટ્રેક પણ બની ગયા પરંતુ હવે અચાનક કોર્પોરેશને વધુ એક નિર્ણય એવો લીધો છે જેને કારણ હવે સાઈકલ ટ્રેક તોડી નાંખવામાં આવશે. બીઆરટીએસને સમાંતર બનાવવામાં આવેલા સાઈકલ ટ્રેકનો લોકો ઉપયોગ કરતા ન હોવાથી ૧૨ વર્ષ બાદ આખરે મ્યુનિ.એ મોટો યુટર્ન લીધો છે. જેને લઈને હવે અમદાવાદના રસ્તાને પહોળા કરવામાં આવશે.

ટ્રાફિકની સમસ્યાને હળવી કરવા માટે રસ્તાની ડિઝાઈનમાં પણ મોટો ફેરફાર જોવા મળશે. ૧૨ વર્ષ પહેલાં જે ટ્રેકને બનાવવા માટે લાખો ખર્ચાયા એ ટ્રેકને જમીનદોસ્ત કરી નાંખવા માટે કોર્પોરેશન તૈયાર થઈ ગયું છે. અમદાવાદ શહેરના ૩ રૂટ પરના સાઈકલ ટ્રેક તોડવાનો નિર્ણય લીધો છે. જેમાં નરોડા, આરટીઓ અને વસ્ત્રાપુર લેક નજીકના ૨૬.૫ કિલોમીટરના રોડ પર સાઈકલ ટ્રેક દૂર કરાશે. વધી રહેલી ટ્રાફિકની સમસ્યાના કારણે બંને બાજુના ટ્રેક દૂર કરી રોડ પહોળો કરાશે. આ અંગે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન હિતેશ બારોટના જણાવ્યા પ્રમાણે, આરટીએસને પેરેલલ બનાવવામાં આવેલા સાઈકલ ટ્રેકનો લોકો ઉપયોગ જ કરતાં નથી. જેના કારણે લોકોએ ગેરકાયદે દબાણ કરી લીધા છે. જેથી અમુક રૂટ પરના સાઈકલ ટ્રેક દૂર કરીને રોડ પહોળા કરવા માટેનો નિર્ણય લેવાયો છે. પ્રાયોગિક ધોરણે નારોલથી નરોડાના ૧૨ કિલોમીટરના રોડ પરનો સાઈકલ ટ્રેક દૂર કરવામાં આવ્યો છે. જેના કારણે નારોલથી નરોડાનો રોડ પહોળો થતાં ટ્રાફિકની સમસ્યા હળવી થઈ છે.